જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૧૮/૦૬/૨૦૨૨ શનિવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**

**સમાચાર યાદી નં.૧૦૮૫/૨૦૨૨**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૭/૦૬/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ. નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૧ | ૦ | ૧૪૧ | ૪૨૦ | ૦ | ૪૨૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| | કુલ | ૧૦૦૬૯૪ | ૦ | ૧૦૦૬૯૪ | ૧૦૯૫૯૮ | ૦ | ૧૦૯૫૯૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૨૩ | ૪,૨૫,૧૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

# પ્રોહીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## પી.સી.બી

## "એલીસબ્રીજ પોલીસ સ્ટેશન વિસ્તારમાથી ઓરડીમાં સંતાડી રાખેલ વિદેશી દારુની બોટલો,બીયર નંગ-૧૧૭ કિ.રૂ.૩૮,૪૦૫/ નો મુદામાલ પકડી પાડતી પી.સી.બી."

મે.પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ અટકાવવા સારુ સુચના આપેલ જે સુચના આધારે પી.સી.બી. પોલીસ ઈન્સપેકટર શ્રી ટી.આર.ભટ્ટ નાઓના માર્ગદર્શન અને સુપરવિઝન હેઠળ તા.૧૭.૦૬.૨૦૨૨ ના રોજ સ્ટાફના પો.સ.ઈ.શ્રી જે.જી.ચારણ, અ.હે.કો.હિમ્મતસિંહ રણજીતસિહ બ.ન.૩૭૮૧,અ.હે.કો.ઈન્દ્રસિંહ પ્રવિણસિંહ બ.ન.૬૧૬૮, અ.હે.કો.વિષ્ણુભાઈ હીરાભાઈ બ.ન.૪૭૭૦, અ.હે.કો.અનિરુધ્ધસિંહ ધીરુભાઈ, અ.પો.કો.પ્રવિણસિહ દેવેન્દ્રસિંહ બ.ન.૪૮૯૭, અ.પો.કો.પાર્થકુમાર કેતનભાઈ બ.ન.૩૯૬૧ તથા અન્ય સ્ટાફના માણસો સાથે પેટ્રોલીગમા હતા દરમ્યાન અ.હે.કો અનિરુધ્ધસિહ ધીરુભાઈ તથા અ.હે.કો.વિષ્ણુભાઈ હીરાભાઈ નાઓને સંયુક્તરીતે મળેલ ચોકકસ બાતમી હકીકત આધારે એલીસબ્રીજ આંબાવાડી આંબેડકરનગર કોલોનીના બ્લોક નં.૧૯ ના ઉપરના માળે એક કોમન ઓરડીના પતરાના ઉપરના ભાગે કોઈ ઈસમે સંતાડી રાખેલ વિદેશી દારૂની સીલબંધ બોટલો તથા ટીન બીયર મળી કુલ્લે નંગ ૧૧૭ કિ.રૂ. ૩૮,૪૦૫/- નો મુદામાલ પકડી કાયદેસરની કાર્યવાહી કરી એલીસબ્રીજ પોસ્ટે ખાતે સી પાર્ટ ગુરન.૧૧૧૯૧૦૧૪૨૨૦૧૯૮/૨૦૨૨ પ્રોહિ એક્ટ કલમ ૬૬(૧)(બી), ૬૫(એ)(ઈ),૧૧૬(૧)(બી), મુજબ ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

પકડાયેલ આરોપીઓ: નમુદ નથી

ગુનાની જગ્યા : એલીસબ્રીજ આંબાવાડી આંબેડકરનગર કોલોનીના બ્લોક નં.૧૯ ના ઉપરના માળે એક કોમન ઓરડીના પતરાના ઉપરના ભાગે

## પકડાયેલ મુદામાલ :

(૧) ભારતીય બનાવટના વિદેશી દારુની સીલબંધ બોટલો તથા બીયર મળી નંગ ૧૧૭ કિ.રૂ.૩૮,૪૦૫/- (૨) કાપડના થેલા નંગ ૧૦ કિ.રૂ.૦૦ મળી કુલ્લે રૂ. ૩૮,૪૦૫/- ની મત્તાનો મુદામાલ



**<u>સી.આર.પી.સી.કલમ ૮૨ મુજબ</u>**

**<u>આરોપીને કોર્ટમાં હાજર થવાનુ ફરમાનઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૦૮૬/૨૦૨૨</u>**

વેજલપુર પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૨૨૫/૨૦૧૪ ઇપીકો કલમ ૩૭૬, ૫૦૬(૨) મુજબના સેશન્સ કેસ નં.૨૦૮/૨૦૧૬ મુજબના ગુનાના કામે **<u>આરોપી વિકેશ વિનોદભાઇ ચુડાસમા (રહે. ૪૩૩, ગોપાલનગર, ગાયત્રી પોળ, હાટકેશ્વર સર્કલ પાસે, અમરાઇવાડી, અમદાવાદ તથા મુળ વતન: ગામ-બગસરા, તા-સાવરકુંડલા, જી-અમરેલી)</u>** નાઓ ઉપરોક્ત ગુનાના કામે ફરિયાદનો જવાબ આપવા સારૂ નામદાર જજ શ્રીમતી પ્રિયંકા અગ્રવાલ સાહેબ, અધિકસત્ર ન્યાયાધીશ, કોર્ટ નં.૨૬, સિટી સિવિલ અને સેશન્સ કોર્ટ, લાલ દરવાજા, ભદ્ર, અમદાવાદ શહેર સમક્ષ તા.૨૦/૦૬/૨૦૨૨ ના રોજ હાજર રહેવા ફરમાન કરવામાં આવે છે.

**<u>નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૦૮૭/૨૦૨૨</u>**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૭ કેસ કરી, ૫૭ વ્યક્તિઓને ઝડપી, ૪૦૯ લીટર દેશી દારૂ, ૧૦૫ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૨૪ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૨૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**<u>તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૦૮૮/૨૦૨૨</u>**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી. ૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૩૦૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૨૧ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**<u>ઘરફોડઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૦૮૯/૨૦૨૨</u>**

**બાપુનગરઃ** બાલકૃષ્ણ પ્રભુદાસ પારેખ (રહે. ન્યુ અરવિંદપાર્ક સોસાયટી ચન્દ્રપ્રસાદ દેસાઇ હોલ સામે બાપુનગર) એ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૦૬/૨૦૨૨ કલાક ૭/30 થી રાતના ૧૦/30 વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાની જાળીનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી કબાટમાંથી સોનાના દાગીના અને રોકડ રૂપિયા ૪૦,000/- મળી કુલ રૂપિયા ૩,૦૨,૫00/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.બી.કુંપાવત ચલાવે છે.

**ધાડઃ-** **સમાચાર યાદી નં.૧૦૯૦/૨૦૨૨**

**ઓઢવઃ** ઓઢવ છોટાલાલની ચાલીથી આદીનાથનગર તરફ શ્રવણ મોબાઇલ નામની દુકાનના ઉપરના માળે આવેલ પી.એમ એન્ટરપ્રાઇઝ નામની આંગડીયા પેઢીમા કામ કરતા વરધીભાઇ કરશનલાલ ઠક્કર (ઉ.વ.૬૩) (રહે. સિલ્વર પરીકમા બંગ્લોઝ સોલા ભાગવત વિધાપીઠ પાછળ સોલા) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૦૬/૨૦૨૨ બપોરના ૩/૩૦ વાગ્યાના સુમારે સાહેદ સાથે પેઢીમા કામ કરતા હતા ત્યારે ચાર અજાણ્યા પુરૂષો પેઢીની અંદર આવી હથિયાર બતાવી મારી નાખવાની ધમકી આપી ડ્રોઅર તેમજ કબાટમાંથી રોકડ રૂપિયા ૫૩,૦૦,૦૦૦/- તેમજ મોબાઈલ ફોન નંગ-૪ કિમત રૂપિયા ૧,૦૩,૦૦૦/- મળી કુલ રૂપિયા ૫૪,૦૩,૦૦૦/- મતાની લુંટ કરી નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જે.બી.અગ્રાવત ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૦૯૧/૨૦૨૨**

**ચાંદખેડાઃ** નેહાબહેન વા/ઓ સંદિપભાઇ ચૌહાણ (ઉ.વ.૩૦) (રહે. આકાંક્ષા ફેઝ-૧ સેવ્વી સ્વરાજ જગતપુર) એ તા.૧૭/૦૬/૨૦૨૨ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે નેહાબહેનના ઘરે કામ કરતા દંપતી (૧) મુકેશભાઇ વિનોદભાઇ દરજી અને (૨) સોનિયા મુકેશભાઇ વિનોદભાઇ દરજી (બન્ને રહે. ૧૦૩, પ્રથમ ટાવર સુભાષનગર પાસે ટ્વીન્સ પાર્ક મીરા રોડ થાને મુંબઇ મહારાષ્ટ્ર. મુળ વતન. ગામ-રણુજ તા.જી.મહેસાણા) તા.૦૧/૦૫/૨૦૨૨ થી તા.૦૭/૦૫/૨૦૨૨ સુધીના સમયગાળા દરમ્યાન નેહાબહેનના ઘરેથી સોનાના દાગીના અને રોકડ રૂપિયા ૧૨,૦૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧૨,૬૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.ડી.પટેલ ચલાવે છે.

**વિજ કરંટ લાગતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૦૯૨/૨૦૨૨**

**નારોલઃ** આઝાદસિંગ જોતારામ રાવ (ઉ.વ.૩૦) (રહે.મહાદેવનગર રંગોલીનગર પાસે નારોલ) તા.૧૭/૦૬/૨૦૨૨ બપોરના ૧૧/૧૫ વાગ્યા ના સુમારે નારોલ શાહવાડી અગ્રવાલ ઇન્ટરનેશનલ કંપનીમાં ઈપીટી પ્લાન્ટમાં પાણી લીકેજ હોઈ પ્લાન્ટ બંધ કરી વેલ્ડીંગ કામ કરતા હતા ત્યારે વિજ કરંટ લાગતાં સારવાર માટે એલ.જી.હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રવિન્દ્રસિંહ ભગવતસિંહ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૦૯૩/૨૦૨૨**

**વટવાઃ** વિકાસ ભોલાનાથ યાદવ (ઉ.વ.૧૭) (રહે. ભગવતીનગર વિભાગ-ર બચુભાઇ કુવો વટવા) એ અગમ્ય કારણસર તા.૧૭/૦૬/૨૦૨૨ બપોરના ૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.આઇ.રાઠોડ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.